Azadi Ka Amrit Mahotsav

# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

બહુમાળી ભવન, એ વિંગ, રૂમ નં.૧૦૭ થી ૧૧૧, અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૯૩૬
E-Mail : amrelideo@gmail.com
Website : https://deoamreli.com

સત્યમેવ જયતે

ક્રમાંક:યજન/સંસ્કૃત/સ્પર્ધા/૨૦૨૨-૨૩/ પરીપત્ર નં - 168 તા.૦૧/૦૯/૨૦૨૨

પ્રતિશ્રી,
આચાર્યશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ, સેલ્ફ ફાઇનાન્સ,
પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ
તથા મહાવિધાલય તમામ
અમરેલી,જિલ્લો:અમરેલી

**વિષય: સંસ્કૃતોત્સવ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓના આયોજન અને અમલીકરણ બાબત.**
**સંદર્ભ: 1.શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:સસક/૧૦૧૯/૧૧૪/છ,સચિયાલય,ગાંધીનગર,તા.26/10/૨૦**
**2.સંસ્કૃત બોર્ડ/જ.નંબર/૨૦૨૨/265/તા.૦૧/૦૭/૨૦૨૨**

ઉપરોક્ત વિષય અને સદર્ભ અન્વયે જણાવવાનું કે શ્રાવણી પૂર્ણિમા "સંસ્કૃત દિવસ"ના આગળ પાછળના ત્રણ દિવસોની સંસ્કૃત સપ્તાહ તરીકે ઉજવણી કરવા માટે પરિપત્ર થયેલ છે. સંસ્કૃત બોર્ડ દ્વારા પણ સંસ્કૃત સપ્તાહ નિમિત્તે શાળાઓમાં જુદી જુદી સ્પર્ધાઓનું આયોજન કરવા જણાવેલ

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત સ્વામી વિવેકાનંદ વિદ્યાભારતી ટ્રસ્ટ,રૂપાયતન,સંસ્કૃત ભારતી,અમરેલી તથા સંસ્કૃત સાહિત્ય અકાદમી,ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે સમગ્ર અમરેલી જિલ્લાની શાળાઓ/સંસ્થાઓ માટે નીચે પ્રમાણેની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ છે.તેમાં રસ ધરાવતી તમામ શાળાઓને/સંસ્થાઓને સહભાગી થવા જણાવવામાં આવે છે.

1. **समूहगितगानम्:/ समूहस्तोत्रगानस्पर्धा:**
2. **नृत्यस्पर्धा**
3. **एकपात्रियाभिनयः तथा वेषभूषास्पर्धा:**
4. **कथाकथनम् स्पर्धा:**
5. **श्लोकगानस्पर्धा:/ स्तोत्रगानस्पर्धा:**

**સ્પર્ધાના સામાન્ય નિયમો:**

- સંસ્કૃત બોલવા અને સાંભળવા મળે એવી પાંચ સ્પર્ધાઓનું આયોજન કરેલ છે.
- શૈક્ષણિક સંસ્થાઓના પ્રાથમિક, માધ્યમિક,ઉચ્ચતર માધ્યમિક અને કોલેજ તથા સામાજીક એમ પાંચ મુખ્ય વિભાગોમાં સ્પર્ધા રહેશે.
- દરેક શાળા/સંસ્થાઓએ સ્થાનિક કક્ષાએ સ્પર્ધાઓ યોજી પ્રથમ ત્રણ વિજેતાઓને જિલ્લા કક્ષાએ મોકલવાના રહેશે.

- પ્રત્યેક વિભાગના પાંચે પાંચ સ્પર્ધાઓના પ્રથમ ત્રણ વિજેતાઓનું સન્માન કરવામાં આવશે તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે.આ ઉપરાંત સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહક પુરસ્કાર અને પ્રમાણપત્ર આપવામાં આવશે.
- આ સ્પર્ધાઓ સિવાય જે કોઈ શાળાએ આ અંતર્ગત નવીન અને ધ્યાનાકર્ષક આયોજન કર્યું હશે તો તેમને પણ સન્માનિત કરવામાં આવશે.
- સંસ્કૃત ગૌરવ પરીક્ષામાં જે કેન્દ્રમાં સૌથી વધુ સંખ્યા થઈ હોય તેમને પણ આ તકે સન્માનવામાં આવશે.તે અંગેની વિગત પણ આ સાથે મોકલી આપવાની રહેશે.

**જિલ્લા કક્ષાની સ્પર્ધાની તારીખ: 17મી સપ્ટેમ્બર 2022 ને શનિવાર**

**સમય: સવારે 9:00 થી 12 કલાક**

**સ્થળ: દીપક હાઇસ્કૂલ,અમરેલી**

- **સ્પર્ધાના સામાન્ય નિયમો:**

1.પ્રત્યેક કૃતિ સંસ્કૃત ભાષામાં જ પ્રસ્તુત કરવાની રહેશે.

2.મંચ પર ચંપલ/બુટ પહેરી શકાશે નહીં.

3.કોઈ પણ શાળા/સંસ્થા એક કરતાં વધારે સ્પર્ધાઓમાં ભાગ લઈ શકશે અને એક કરતાં વધારે કૃતિ સ્પર્ધામાં ઉતારી શકશે.

4..જો તમે કોઈ સંસ્થા કે શાળામાં જોડાયેલા નથી અને તમારી કૃતિ સ્પર્ધામાં પ્રસ્તુત કરવા ઈચ્છો છો તો સંસ્કૃત ભારતીનો અથવા આચાર્યશ્રી દીપક હાઇસ્કૂલ,અમરેલીનો સંપર્ક કરી સંસ્કૃત ભારતી સંસ્થાના નેજા હેઠળ તમારી કૃતિ પ્રસ્તુત કરી શકો છો.

5.ભાગ લેનાર પ્રત્યેકને સમાન સ્મૃતિ ચિન્હ /પુરસ્કાર અને પ્રમાણપત્ર આપવામાં આવશે.

6.સ્પર્ધાઓમાં સ્પર્ધકોએ પોતાના ખર્ચે આવવા જવાનું રહેશે.

7.નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી ગણાશે.

9.સ્પર્ધામાં ભાગ લેનાર પ્રત્યેક સ્પર્ધકોની નામાવલી (લિસ્ટ) તેમનું નામ,વિભાગ,જન્મ તારીખ,તેમનો રના whatsapp નંબર સાથે સ્પર્ધા સ્થળે એટલે કે દીપક હાઇસ્કૂલ,અમરેલી **ખાતે તારીખ 15 સપ્ટેમ્બર 2022** પહેલા જમા કરાવવાની રહેશે.

- **समूहगितगानम्:/ समूहस्तोत्रगानस्पर्धा:**

1.ભાગ લેનારની સંખ્યા ઓછામાં ઓછી ત્રણ અને વધુમાં વધુ બાર રહેશે.

2.વાદકોની સંખ્યા એકથી આઠ રાખી શકાશે.

3.અગાઉથી રેકોર્ડેડ સંગીતનો પણ ઉપયોગ કરી શકાશે.

4.ગીતનો કે સ્તોત્રનો સમયગાળો વધુમાં વધુ આઠ મિનિટ હોવો જોઈએ જેમાં શબ્દ કે સંગીત જે પહેલા શરૂ થશે ત્યાંથી ગણાશે.

5.ગીતને/સ્તોત્રને અનુરૂપ વેશભૂષા ગીતની સમગ્ર છાપ પર સારી અસર કરશે.

6.નિર્ણય: સ્પષ્ટ ઉચ્ચારણ,ગીત ચયન, મુખભાવ,રાગતાલ,લય,સામૂહિકતા,સમગ્ર છાપ પર આધારિત રહેશે.

- **नृत्यस्पर्धा**

1.ભાગ લેનારની સંખ્યા 1 થી 12 રાખી શકાશે.

2.નૃત્યનો સમયગાળો વધુમાં વધુ 10 મિનિટ હોવો જોઈએ.

3.કથ્થક, ભરતનાટ્યમ, ગરબા કે વેસ્ટર્ન વગેરે કોઈપણ શૈલીનું નૃત્ય રજૂ કરી શકાશે પણ તેમાં શબ્દો કે ગાન સંસ્કૃત ભાષાનું હોવું જોઈશે. (સ્રોત કે સંસ્કૃત ગરબા વગેરે)

૪.નિર્ણય: નૃત્ય,તાલ,સંગીત,વેશભૂષા,કોઓર્ડીનેશન,સમગ્ર છાપ પર આધારિત રહેશે.

- **एकपात्रियाभिनयः तथा वेषभूषास्पर्धाः**

૧.પ્રસ્તુતિ વ્યક્તિગત રીતે પોતાના અભિનય દ્વારા કરવાની રહેશે.
૨. બે થી પાંચ મિનિટનો રહેશે.
૩.વાંચન કરી શકાશે નહીં.
૪.આધુનિક માધ્યમોથી સંગીતનું ઉમેરણ કરી શકાશે.
૫.વેશભૂષા સ્પર્ધામાં વિશેષતઃ આઝાદીના અમૃત મહોત્સવને ધ્યાને રાખીને પાત્ર પસંદગી કરી શકાશે.
૪.નિર્ણય:અભિનય,ઉચ્ચાર શુદ્ધિ,કથા વસ્તુ,સમગ્ર છાપ પર આધારિત રહેશે.

- **कथाकथनम् स्पर्धाः**

૧.પ્રસ્તુતિ વ્યક્તિગત રીતે પોતાના અભિનય દ્વારા તથા ચિત્રોના માધ્યમની સહાયથી પણ કરી શકાશે.
૨.સમયગાળો બેથી પાંચ મિનિટનો રહેશે.
૩.આધુનિક માધ્યમોથી સંગીતનું ઉમેરણ કરી શકાશે.
૪.નિર્ણય:અભિનય,ઉચ્ચાર શુદ્ધિ,કથા વસ્તુ,સમગ્ર છાપ પર આધારિત રહેશે.

- **श्लोकगानस्पर्धाः/ स्तोत्रगानस्पर्धाः**

૧.પ્રસ્તુતિ વ્યક્તિકગત રીતે પોતાના અભિનય દ્વારા કરવાની રહેશે
૨.સમયગાળો ત્રણથી પાંચ મિનિટનો રહેશે.
૩.વાંચન કરી શકાશે નહીં.
૪.આધુનિક માધ્યમોથી સંગીતનું ઉમેરણ કરી શકાશે.
૫.અગાઉથી રેકોર્ડેડ સંગીતનો પણ ઉપયોગ કરી શકાશે.
૬.નિર્ણય:સ્પષ્ટ ઉચ્ચારણ,શ્લોક ચયન, મુખભાવ, રાગ-તાલ, સામુહિકતા, સમગ્ર છાપ પર આધારિત રહેશે.

ઉપરોક્ત સ્પર્ધા માટે કોઈપણ પ્રકારના માર્ગદર્શનની જરૂરિયાત જણાય તો આપ નીચેના સંસ્કૃત ભારતી,અમરેલીના કાર્યકર્તાઓનો સંપર્ક સાધી શકો છો.

ડૉ.અમિત ઉપાધ્યાય,આચાર્ય,દીપક હાઇ સ્કૂલ,અમરેલી -9427744495
ડો. પ્રો. વિજયભાઈ દવે, સંસ્કૃત વિભાગાધ્યક્ષશ્રી,પ્રતાપરાય આર્ટસ કોલેજ અમરેલી -9879461303
પ્રો. બલભદ્રસિંહ ચુડાસમા,આચાર્ય, શ્રી મોંઘીબા આર્ટસ કોલેજ,અમરેલી -9426816718
શ્રી હિરલબેન ઠાકર,સ્કૂલ ઇન્સ્પેક્ટર,GSQAC -7359057748
શ્રી રવિન્દ્રભાઈ ગોસાઈ,દીપક હાઇ સ્કૂલ સ્કૂલ અમરેલી -9879251008
શ્રી સંજયભાઈ ત્રિવેદી,ઢોલારવા પ્રાથમિક શાળા -9978047076
શ્રી પ્રફુલભાઈ કાતરીયા, જાળીયા પ્રાથમિક શાળા -9913498828

| | | |
|---|---|---|
| પ્રાથમિક જિલ્લા શિક્ષણાધિકારી | જિલ્લા શિક્ષણાધિકારી | પ્રાચાર્ય |
| પ્રાથમિક જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, અમરેલી | જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી અમરેલી | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમરેલી |

c:\users\om\desktop\સંસ્કૃત forwarding.docx